## FORM-A

| IN THE COURT OF THE 3rd ADDITIONAL SESSIONS JUDGE, DAHOD AT DAHOD.<br>Present:3rd Additional Sessions Judge.<br>(Date of Judgment: 31-01-2025)<br>**(Sessions Case No.178/2022)**<br>(Dahod Town Police Station First part Cr. No.0053/2019 S.379(A), 114 of I.P.C. | |
|---|---|
| COMPLAINANT | STATE OF GUJARAT. |
| REPRESENTED BY | Ld. A.P.P. Mr. J. R. Lalpurwala. |
| ACCUSED | (1) Sunilbhai Samsubhai Pargi,<br>Age About-:23 Years, Occupation: Labour Work,<br>Resi.Jalat, Suvali faliyu, Tal. Dist.Dahod.<br>(2) Prakashbhai Pappubhai Bilval,<br>Age About-:22 Years, Occupation: Agricultural,<br>Resi.Jalat, Naka faliyu, Tal. Dist.Dahod. |
| REPRESENTED BY | Ld. Adv. Mr. J. P. Dixit. |

## FORM-B

| | |
|---|---|
| Date of Offence | 23-04-2019 23.30 Hrs. |
| Date of FIR | 08-05-2019 14:00 Hrs. |
| Date of Charge sheet | 24-09-2021 |
| Date of Framing of Charges | 28-07-2023 |
| Date of Commencement of evidence | 08-09-2023 |
| Date on which judgment is reserved | 31-01-2025 |
| Date of the Judgment | 31-01-2025 |
| Date of the Sentencing Order, if any | - |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of S.428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Sunilbhai Samsubhai Pargi | 08.05.2019 | 02.07.2022 | Ss.379(A), 114 of Indian Penal Code. | Acquitted | - | - |
| 2 | Prakashbhai Pappubhai Bilval | 08.05.2019 | 29.06.2019 | | | | |

## FORM-C
## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

A. Prosecution:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| PW1 | Ketanbhai Bhikhabhai Gohil | Complainant |
| PW2 | Kirtipalsinh Bhupendrsinh Thakor | Witness. |
| PW3 | Nileshbhai Galubhai Pargi | Witness. |
| PW4 | Jaydeepbhai Sureshbhai Bariya | Witness. |
| PW5 | Maheshbhai Tofanbhai Bhuriya | Witness. |
| PW6 | Dineshbhai Kalubhai Parmar | Panch Witness. |
| PW7 | Amitbhai Ratansing Ganava | Panch Witness. |
| PW8 | Ramsubhai Narsingbhai Palas | Panch Witness. |
| PW9 | Vasantkumar Prabhudas Patel | Investigating Officer. |
| PW10 | Jerambhai Rumalbhai Damor | Police Witness. |
| PW11 | Anirudhsinh Navalsinh Parmar | Investigating Officer. |

B. Defence Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

C. Court Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**

A. Prosecution:

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit P-14/PW-1 | Complaint. |
| 2 | Exhibit P-24/PW-6 | Panchnama Of Place of Incident. |
| 3 | Exhibit P-25/PW-6 | Panchanama of Body of Accused. |
| 4 | Exhibit P-27/PW-7 | Recovery Panchnama of mobile. |
| 5 | Exhibit P-31/PW-9 | Deput Order. |
| 6 | Exhibit P-36/PW-10 | Index. |
| 7 | Exhibit P-37/PW-10 | Copy of Station Diary. |

B. Defence :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| - | - | - |

C. Court Exhibits :

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| - | - | - |

D. Material Objects :

| Sr.No. | Material Object Number | Description |
|---|---|---|
| - | - | - |

Date: 31.01.2025
Dahod.

(Harshad Shamrao Khutwad)
3rd Additional Sessions Judge,
Dahod - GJ 00724.

રજીસ્ટરે લીધા તારીખ: ૦૭/૧૦/૨૦૨૨
દાખલ તારીખ : ૦૭/૧૦/૨૦૨૨
નિકાલ તારીખ : ૩૧/૦૧/૨૦૨૫
સમય ગાળો:વર્ષ–૦૨, માસ–૦૩, દિવસ–૨૪.

**દાહોદનાં મે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ, મુકામ :દાહોદ.**

**સેશન્સ કેસ નં.૧૭૮/૨૦૨૨**
**આંક : ૪૧**

શ્રી સરકાર, **........ ફરિયાદી**

વિરૂધ્ધ

(૧) સુનીલભાઈ સમસુભાઈ પારગી,
ઉ.વ.આ.૨૩, ધંધોઃ મજુરી,
રહે.જાલત, સુવાળી ફળીયુ, તા.જી.દાહોદ.
(૨) પ્રકાશભાઈ પપ્પુભાઈ બિલવાળ,
ઉ.વ.આ.૨૨, ધંધોઃ ખેતી,
રહે.જાલત, નાકા ફળીયુ, તા.જી.દાહોદ. **........આરોપીઓ**

**ગુનો :–** ઈ.પી.કો.ની કલમ–૩૭૯(એ), ૧૧૪ મુજબ.

રજુઆત.

| | |
|---|---|
| ફરીયાદપક્ષ તરફે :– | વિ.એ. પી. પી. શ્રી જે. આર. લાલપુરવાલા. |
| આરોપીપક્ષ તરફે :– | વિ.વ.શ્રી જે. પી. દીક્ષીત. |

**–:: ચુ કા દો ::–**

૧. **ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકતઃ–**

આ કામના ફરીયાદ ની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ રાત્રિના કલાક–૧૧:૦૦ વાગ્યે ફરીયાદી તેમની લોકસભાની રીસીવીંગ સ્ટાફ તરીકેની કામગીરી પુર્ણ કરી તેમની મોટર સાયકલ ઉપર પરત ઘરે આવતા હતા ત્યારે ગર્લ્સ હાઈસ્કુલ અને છોટાલાલ સ્કુલના રસ્તા પાસે એક બાઈક ઉપર આરોપીઓએ ફરીયાદીની નજીક આવી બુમ મારી તેમની બાઈક રોકી તેમના ખીસ્સામાં મુકેલ મોબાઈલ સેમસંગ કંપનીનો કિં.રૂા.૧૦,૦૦૦/– નો કાઢી લઈ બાઈક ઉપર તાલુકા શાળા તરફ નાસી ગયેલ, જે અંગેની ફરીયાદ દાહોદ ટાઉન પો.સ્ટે.ફર્સ્ટ ગુ.રજી.નં.૫૩/૨૦૧૯થી આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૭૯(એ), ૧૧૪ મુજબનો ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરેલ.

૨. **તપાસ અને ચાર્જશીટ :–**

આ કામે તપાસ કરનાર અધિકારી દ્વારા ગુનાની ફરિયાદ દાહોદ ટાઉન પો.સ્ટે.ફર્સ્ટ ગુ.રજી.નં.

૫૩/૨૦૧૯થી રજીસ્ટર કરવામાં આવેલ અને ગુનાના સ્થળની મુલાકાત લઈ જરૂરી પંચનામાઓ તૈયાર કરી અને તપાસની કાર્યવાહી દરમ્યાન સાહેદોના નિવેદનો લઈ, આરોપીઓને અટક કરી, ગુનાના કામે મુદ્દામાલ કબજે કરી પંચનામુ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય તપાસની તમામ કાર્યવાહી પૂર્ણ થયા બાદ તપાસ કરનાર અમલદારે તેનુ ચાર્જશીટ દાહોદના વિ. ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં રજૂ કરેલુ અને ચાર્જશીટ ફો. કેસ નં.૩૭૯૪/૨૦૨૧થી નોંધાયેલ.

૩. **<u>કમીટલ:–</u>**

આ કામે ચાર્જશીટમાં નોંધાયેલ ગુનાને ધ્યાને લેતાં, ગુનો સેશન્સ ટ્રાયેબલ હોઈ, દાહોદના વિ. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, નાઓએ સદર કેસની કમીટલ અંગેની સંપૂર્ણ કાર્યવાહી કરી કેસ કમીટ કરી, સેશન્સ કોર્ટમાં મોકલી આપેલ. ત્યારબાદ કેસ સેશન્સ કોર્ટમાં રજીસ્ટર થયા બાદ તેને સેશન્સ કેસ નં.૧૭૮/૨૦૨૨ પાડવામાં આવેલ.

૪. **<u>ચાર્જ અને પ્લી:–</u>**

આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. ની કલમ–૩૭૯(એ),૧૧૪ મુજબના ગુના સબબ પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ આંક–૯ થી તા.૨૮/૦૭/૨૦૨૩ ના રોજ તહોમતનામુ ફરમાવી, આંક–૧૦ તથા આંક–૧૧ હેઠળ પ્લી વાંચી, સંભળાવી સમજાવી નોંધતા, આરોપીઓ ગુનો કર્યા અંગેનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૫. સદરહું કેસના સમર્થન માટે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ.

**<u>મૌખીક પુરાવા:–</u>**

| અ.ન. | આંક | વિગત | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૩ | કેતનકુમાર ભીખાભાઈ ગોહીલની જુબાની. | ફરીયાદી |
| ૨ | ૧૬ | કિર્તિપાલસિંહ ભુપેન્દ્રસિંહ ઠાકોર ની જુબાની. | સાહેદ |
| ૩ | ૧૮ | નિલેશભાઈ ગલુભાઈ પારગી ની જુબાની. | સાહેદ |
| ૪ | ૨૧ | જયદીપભાઈ સુરેશભાઈ બારીયા ની જુબાની. | સાહેદ |
| ૫ | ૨૨ | મહેશભાઈ તોફાનભાઈ ભુરીયા ની જુબાની. | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૨૩ | દિનેશભાઈ કાળુભાઈ પરમારની જુબાની. | પંચસાહેદ |
| ૭ | ૨૬ | અમિતભાઈ રતનસીંગ ગણાવા ની જુબાની. | પંચસાહેદ |
| ૮ | ૨૮ | રમસુભાઈ નારસીંગભાઈ પલાસની જુબાની. | પંચસાહેદ |
| ૯ | ૩૦ | વસંતકુમાર પ્રભુદાસ પટેલની જુબાની. | ત.ક.અમલદાર |
| ૧૦ | ૩૫ | જેરામભાઈ રૂમાલભાઈ ડામોર ની જુબાની. | સાહેદ |
| ૧૧ | ૩૮ | અનીરૂધ્ધસિંહ નવલસિંહ પરમાર ની જુબાની. | ત.ક.અમલદાર |

**દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની ફરીયાદ. | ૧૪ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. | ૨૪ |
| ૩ | આરોપીની શરીરસ્થિતિનુ પંચનામુ. | ૨૫ |
| ૪ | મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાનુ પંચનામુ. | ૨૭ |
| ૫ | પી.એસ.આઈ. એ.એન.પરમારને તપાસ અંગેની જાણ કરતો પત્ર. | ૩૧ |
| ૬ | સુચિપત્ર. | ૩૬ |
| ૭ | સ્ટેશન ડાયરીની નકલ. | ૩૭ |

ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ વધુ કોઈ પુરાવા રજૂ કરવા નથી તેવી આંક–૩૯ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ.

## ૬. આરોપીનું વિશેષ નિવેદન:–

ફરિયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ વધારાનુ નિવેદન ક્રિ.પ્રો.કો. ની કલમ–૩૧૩ અન્વયે તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીઓએ મોટા ભાગના સવાલોમાં તેઓ કાંઈ જાણતા નથી અને ખોટી વાત છે તેવું જણાવે છે અને વિશેષમાં જણાવે છે કે, અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ. ફરીયાદી ધ્વારા માત્ર નાણાં પડાવવા માટે પાછળથી ખોટી હકીકત ઉપજાવી કાઢી ખોટી

ફરીયાદ કરી અમોને ખોટા કેસમાં સંડોવી દીધેલ છે અને અમો સામે ખોટો કેસ કરેલ છે.

૭. **દલીલો:–**

આ કામે સરકાર તરફે વિ. પી.પી.શ્રી દલીલ કરતાં જણાવે છે કે, સદર ગુનો દાહોદ ટાઉન પો.સ્ટે.ફસ્ટ ગુ.રજી.નં.પ૩/૨૦૧૯ ના ગુનાના કામે ઈ.પી.કો.ની કલમ– ૩૭૯(એ), ૧૧૪ મુજબ દાખલ થયેલ. આ કામે ફરીયાદી કેતનકુમાર ભીખાભાઈ ગોહીલનાઓએ તેઓના આંક–૧૩ના પુરાવામાં ફરીયાદપક્ષને સમર્થન કરેલ છે. વધુમા આ કામે અન્ય સાહેદ આંક–૧૬થી કિર્તીપાલ સિંહ ભુપેન્દ્રસિંહ ઠાકોર, આંક–૧૮થી સાહેદ નિલેશભાઈ ગલુભાઈ પારગી, આંક–૨૧થી સાહેદ જયદીપભાઈ સુરેશભાઈ બારીયા, આંક–૨૨થી સાહેદ મહેશભાઈ તોફાનભાઈ ભુરીયા, આંક–૨૩થી સાહેદ દિનેશભાઈ કાળુભાઈ પરમાર, આંક–૨૬થી પંચસાહેદ અમીતભાઈ રતનસીંગભાઈ ગણાવા, આંક–૨૮થી પંચસાહેદ રમસુભાઈ નારસીંગભાઈ પલાસ, આંક–૩૦થી ત.ક.અ.શ્રી વસંતકુમાર પ્રભુદાસ પટેલ, આંક–૩પથી સાહેદ જેરામભાઈ રૂમાલભાઈ ડામોર, આંક–૩૮થી ત.ક.અ.શ્રી અનીરૂધ્ધસિંહ નવલસિંહ પરમારનાઓને તપાસેલ છે તેઓએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ છે. આ કામે પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ છે. આ કામે તપાસ કરનાર અમલદારે તેઓની ફરજની રૂએ કરેલ તપાસ મુજબનો પુરાવો રજુ કરેલ છે અને તપાસ કરનાર અમલદારે ફરીયાદ હકીકતને સમર્થન મળે તથા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષે તરફે પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ નિવડેલ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવવા વિનંતી છે અને આરોપીને સજા થવા અમારી નમ્ર અરજ છે.

૮. આ કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રીનાઓ દલીલ કરતાં જણાવે છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી સાહેદને ફરીયાદી કેતનકુમાર ભીખાભાઈ ગોહીલનાઓએ તેઓના આંક–૧૩ના પુરાવામાં ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી. વધુમા આ કામે અન્ય સાહેદ આંક–૧૬થી કિર્તીપાલ સિંહ ભુપેન્દ્રસિંહ ઠાકોર, આંક–૧૮થી સાહેદ નિલેશભાઈ ગલુભાઈ પારગી, આંક–૨૧થી સાહેદ જયદીપભાઈ સુરેશભાઈ બારીયા, આંક–૨૨થી સાહેદ મહેશભાઈ તોફાનભાઈ ભુરીયા, આંક–૨૩થી સાહેદ દિનેશભાઈ કાળુભાઈ પરમાર, આંક–૨૬થી પંચસાહેદ અમીતભાઈ રતનસીંગભાઈ ગણાવા, આંક–૨૮થી પંચસાહેદ રમસુભાઈ નારસીંગભાઈ પલાસ, આંક–૩૦થી ત.ક.અ.શ્રી વસંતકુમાર પ્રભુદાસ પટેલ, આંક–૩પથી સાહેદ જેરામભાઈ રૂમાલભાઈ ડામોર, આંક–૩૮થી ત.ક.અ.શ્રી અનીરૂધ્ધસિંહ નવલસિંહ પરમારનાઓને તપાસેલ છે તેઓએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી. આ કામે તપાસ કરનાર અમલદારે તેઓની ફરજની રૂએ કરેલ તપાસ મુજબનો પુરાવો રજુ કરેલ છે અને તપાસ કરનાર

અમલદારે ફરીયાદ હકીકતને સમર્થન મળે તથા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. તપાસ કરનાર અધિકારીની તપાસ યોગ્ય કરેલ નથી તેમજ ફરીયાદમાં જણાવેલ હકીકતોથી વિરોધાભાસી હકીકતો રેકર્ડ પર આવેલ છે અને ફરીયાદ મુજબનો પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી અમો આક્ષેપિત ગુનાહિત કૃત્યમાં કોઈપણ રીતે સંડોવાયેલ હોય તેવુ પુરવાર કરી શકેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોય અમો આરોપીઓ નિર્દોષ હોય છોડી મુકવા અરજ છે.

૯. **<u>કેસના નિર્ણયાર્થે મુદ્દા:-</u>**

આ કામે સદરહુ કેસની વિગત તથા રજૂ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાને તેમજ પક્ષકારોની દલીલોને ધ્યાને લેતાં કેસના નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદા :-</u>**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ રાત્રિના કલાક-૧૧:૦૦ વાગ્યે ફરીયાદી તેમની લોકસભાની રીસીવીંગ સ્ટાફ તરીકેની કામગીરી પુર્ણ કરી તેમની મોટર સાયકલ ઉપર પરત ઘરે આવતા હતા ત્યારે ગલ્સ હાઈસ્કુલ અને છોટાલાલ સ્કુલના રસ્તા પાસે એક બાઈક ઉપર આરોપીઓએ ફરીયાદીની નજીક આવી બુમ મારી તેમની બાઈક રોકી તેમના ખીસ્સામાં મુકેલ મોબાઈલ સેમસંગ કંપનીનો કિં.રૂા.૧ ૦,૦૦૦/- નો કાઢી લઈ બાઈક ઉપર તાલુકા શાળા તરફ નાસી જઈ, ઈ.પી.કો. કલમ-૩૭૯(એ), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**૧૦.** **<u>ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય:-</u>**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા:-</u>**

**મુદાઓ અંગેના તારણોની ચર્ચા.**

**૧૧.** આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ), ૧૧૪ મુજબનો આક્ષેપ મુકેલ છે, જે આક્ષેપ પૂરવાર કરવા અર્થે ફરિયાદપક્ષે જે પૂરાવો રેકર્ડ ઉપર લાવેલા છે તથા

બનાવ બાદ સ્થળ ઉપર આવેલ સાક્ષીઓ કે જેઓ હિયર–સે કક્ષામાં આવે છે, તે સાહેદોનો પુરાવો રેકોર્ડ ઉપર આવેલ છે, તે સિવાય બનાવ સમયે બનાવના સંદર્ભમાં કરવામાં આવેલ પંચનામા અને તેના પંચસાહેદોની જુબાની રેકોર્ડ ઉપર આવેલ છે, તેમજ પોલીસ સાહેદો નો પુરાવો છે, તે સમગ્ર પૂરાવાને સંકલિત કરી તેનુ મુલ્યાંકન કરવુ જરૂરી છે.

૧૨. બંને પક્ષે સાંભળ્યા. આ કામે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે હાલના કેસમાં ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવા પૈકી ફરિયાદપક્ષે સાહેદનં.૧ કેતનકુમાર ભીખાલાલ ગોહીલનાઓ આંક–૧૩થી પુરાવો આપે છે કે, હાલમાં તેઓ આચાર્ય તરીકે મોટા ફળીયા વગ ખરોદા પ્રાથમીક શાળામાં ફરજ બજાવે છે અને ગોવીદનગર ખાતે રહે છે. તેઓ તા.૨૩/૪/૧૯ ના રોજ રાત્રીના કલાક ૧૧–૩૦ વાગે લોકસભા ચુટણીની રીસીવીગ સેન્ટરની કામગીરી પુણ કરી તેઓ તેઓની મોટર સાયકલ લઈ તેઓના ઘરે પરત જતા હતા ત્યારે છોટાલાલ સ્કુલના રસ્તા પાસે પહોંચતા અજાણ્યા ત્રણ ઈસમો એક બાઈક ઉપર ૨૦ થી ૨૨ વર્ષની ઉંમરના તેઓને બુમ પાડતા તેઓની બાઈક ધીમી થતા ઉપરના ખીસ્સામાં રહેલો તેઓનો સેમસંગ ગોલ્ડ કલરનો ફોન આચકીને ત્યાંથી નાસી છુટયા હતા. ત્યારબાદ બાઈક ધ્વારા તેમનો પીછો કરતા તેઓ પકડાયેલા નહી. જેથી ત્યારબાદ આ બનાવની વાત તેઓએ તેઓના સાથી મીત્ર કનુભાઈ વાઘેલા અને અપુવભાઈ શ્રીમાળીને મળી આ બનાવની જાણ કરેલી અને ત્યારબાદ તેઓએ આ ઈસમોની તપાસ કરેલી. ત્યારબાદ તેઓએ દાહોદ ટાઉન પો.સ્ટે.માં મોબાઈલ ચોરાયાની ફરીયાદ દાખલ કરેલી. તેઓને ફરીયાદ બતાવતાં તેમાં ફરીયાદી તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૪થી રજુ કરેલ. તેઓનો ચોરી થયેલ મુદામાલ મોબાઈલ પોલીસે કબજે લીધેલ જે તેઓએ કોર્ટના હુકમથી પરત મેળવેલ છે. બચાવપક્ષે ઉલટતપાસ તેઓ સ્વીકારે છે કે, મોબાઈલ પોલીસે કેવી રીતે અને કોની પાસેથી મેળવેલ તેની મને ખબર નથી. આમ, સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારે છે કે, મોબાઈલ પોલીસે કેવી રીતે અને કોની પાસેથી મેળવેલ તેની મને ખબર નથી. ઉપરાંત, ફરીયાદીએ આરોપીઓને ઓળખેલ હોય તેવી કોઈ હકીકત તેઓના પુરાવામાં જણાવેલ નથી. જેથી સદર સાહેદના પુરાવા આધારે આરોપીઓની આક્ષેપિત ગુનાહિત કૃત્યમાં કોઈ જ સંડોવણી હોવા અંગે સચોટ કે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી.

૧૨.૧. ફરીયાદપક્ષે સાહેદનં.ર તપાસ કરનાર અમલદાર કિર્તિપાલસિંહ ભુપેન્દ્રસિંહ ઠાકોરનાઓ આંક–૧૬થી પુરાવો આપે છે કે, તા. ૮/૫/૨૦૧૯ ના રોજ તેઓ તથા પી.એસ.આઈ.શ્રી પરમાર સાહેબ તથા નિલેષભાઈ ગલુભાઈ, મહેશભાઈ તોફાનભાઈ તથા જયદિપભાઈ એ રીતેના વાહન ચેકીંગમા હતા. તે દરમિયાન તેઓની સાથેના જયદિપભાઇનાઓને બાતમી હકીકત મળેલી કે એક

મો.સા. ઉપર ઈસમો મોબાઈલ વેંચવા આવે છે તેવી બાતમીના આધારે તેઓ અવર જવર કરતી તમામ ગાડીઓને ચેક કરતા હતા તે વખતે એક લીલા કલરની યામાહા બાઈક ઉપર ત્રણ ઈસમો બેસીને આવતા હતા તે મો.સા.ને રોકી પુછપરછ કરતા તેઓનું નામઠામ પુછતા પ્રકાશ સંગાડા, સુનિલભાઈ તથા ત્રીજા એક ઈસમ જે બાળકીશોર હતો જે ત્રણ જણ આવેલા તેઓને રોકી તેઓની અંગ ઝડતી કરતા સુનીલ પાસેથી ૭ મોબાઈલ તથા અન્ય બે ઈસમો પાસેથી મળેલ મોબાઈલ સહીત કુલ મોબાઈલ નંગ–૨૧ અલગ અલગ કંપનીના મળી આવેલા. અને તેઓ આ મોબાઈલો ચાલુ મોટરસાઈકલ થી ઈસમો પાસેથી કાઢીને નાસી ગયેલાનું જણાવેલુ. જેથી આ ત્રણેય પાસેથી અલગ –અલગ કંપનીના મોલાઈલ મળી આવેલ તે તથા એક ગ્રીન કલરની યામાહા મો.સા. નો મુદ્દામાલ સી.આર.પી.સી.ની કલમ–૧૦૨ મુજબ પંચનામું કરી કબજે લઈ સદર ઈસમો પૈકી તમો આરોપી સુનીલ તથા પ્રકાશને સી.આર.પી.સી.ની કલમ–૪૧(૧)(ડી) મુજબ અટક કરેલ તેમજ બાળ કીશોર આરોપીને તપાસ અર્થે હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. આ બનાવ સબંધી તેઓના ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી પટેલ સાહેબે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલો. તેઓ તમો આરોપીઓને ઓળખે છે. મુદ્દામાલ તેઓને બતાવવામા આવે તો ઓળખી શકે છે. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, પોલીસ સ્ટેશનથી તેઓ પેટ્રોલીંગ માટે સાંજના ત્રણ વાગ્ય પછી નિકળ્યા પછી પડાવ વિસ્તારમા ગયેલા તે બાદ સહકારનગર બાજુ ગયેલા અને ગરબાડા ચોકડી ઉપર તેઓએ આરોપીઓને રોકેલા. તેઓ સ્વીકારે છે કે, જે જગ્યાએ આરોપીઓને રોકેલા તે જગ્યા ભરચક વસ્તિવાળો તેમજ વાહનોની અવરજવર વાળો આવેલ છે અને આજુબાજુ દુકાનો પણ આવેલી છે. તેઓ સ્વીકારે છે કે, આરોપીને રોકવા તેમજ તેઓની અંગઝડતી કરવાની અને પુછપરછ કરવાની કાર્યવાહી પી.આઈ.શ્રી વી.પી.પટેલે કરેલી તથા તેઓએ  પંચોને બોલાવેલા. બોલાવેલા પંચો કયા વિસ્તારના હતા તે તેઓને ખ્યાલ નથી. તેઓ સ્વીકારે છે કે, તેઓએ આરોપીઓની કોઈ પણ જાતની પુછપરછ કરેલી નહી કે અન્ય કોઈ કાર્યવાહી પણ તેઓએ કરેલી નહી. તેઓ સ્વીકારે છે કે, મોબાઈલ ચોરીની કે ચીલઝડપની ફરીયાદ કયા ફરીયાદીએ કયારે આપેલી તે તેઓને ખબર નથી. આમ, સદર સાહેદે પોતાની ઉલટતપાસમાં જે જગ્યાએ આરોપીઓને રોકેલા તે જગ્યા ભરચક વસ્તિવાળો તેમજ વાહનોની અવરજવર વાળો આવેલ છે અને આજુબાજુ દુકાનો પણ આવેલી છે તેવુ સ્વીકારે છે. વળી, તેઓએ આરોપીઓની  કોઈપણ જાતની પુછપરછ કરેલી નહીં કે અન્ય કોઈ કાર્યવાહી કરેલ નહીં તેમજ મોબાઈલ ચોરીની કે ચીલઝડપની ફરીયાદ કયા ફરયાદીએ કયારે આપેલી તેની તેઓને કોઈ ખબર નથી તેવુ સ્વીકારે છે. જેથી સદર સાહેદના પુરાવા આધારે આરોપીઓ ની આક્ષેપિત ગુનાહિત કૃત્યમાં કોઈ જ સંડોવણી હોવા અંગે સચોટ કે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી.

<u>૧૨.૨</u> ફરીયાદપક્ષે સાહેદનં.૩ નિલેશભાઈ ગલુભાઈ પારગીના ઓ આંક–૧૮થી પુરાવો આપે છે કે,તા.

૮/૫/૨૦૧૯ ના રોજ તેઓ તથા પી.એસ.આઈ.શ્રી પરમાર સાહેબ તથા કિર્તિપાલસિંહ ભૂપેન્દ્રસિંહ, મહેશભાઈ તોફાનભાઈ તથા જયદિપભાઈ એ રીતેના વાહન ચેકીંગમા હતા. તે દરમિયાન તેઓની સાથેના જયદિપભાઈનાઓને બાતમી હકીકત મળેલી કે એક મો.સા. ઉપર ઈસમો મોબાઈલ વેં ચવા આવે છે તેવી બાતમીના આધારે અવર જવર કરતી તમામ ગાડીઓને ચેક કરતા હતા તે વખતે એક લીલા કલરની યામાહા બાઈક ઉપર ત્રણ ઈસમો બેસીને આવતા હતા તે મો.સા.ને રોકી પુછપરછ કરતા તેઓનું નામઠામ પુછતા પ્રકાશ સંગાડા, સુનિલભાઈ તથા ત્રીજા એક ઈસમ જે બાળકીશોર હતો જે ત્રણ જણ આવેલા તેઓને રોકી તેઓની અંગ ઝડતી કરતા સુનીલ પાસેથી ૭ મોબાઈલ તથા અન્ય બે ઈસમો પાસેથી મળેલ મોબાઈલ સહીત કુલ મોબાઈલ નંગ–૨૧ અલગ અલગ કંપનીના મળી આવેલા અને તેઓ આ મોબાઈલો ચાલુ મોટરસાઈકલથી ઈસમો પાસેથી કાઢીને નાસી ગયેલાનું જણાવેલુ. જેથી આ ત્રણેય પાસેથી અલગ –અલગ કંપનીના મોબાઈલ મળી આવેલ તે તથા એક ગ્રીન કલરની યામાહા મો.સા.નો મુદ્દામાલ સી.આર.પી.સી.ની કલમ–૧૦૨ મુજબ પંચનામું કરી કબજે લઈ સદર ઈસમો પૈકી તમો આરોપી સુનીલ તથા પ્રકાશને સી.આર.પી.સી.ની કલમ–૪૧(૧)(ડી) મુજબ અટક કરેલ તેમજ બાળ કીશોર આરોપીને તપાસ અર્થે હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. આ બનાવ સબંધી તેઓના ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી પટેલ સાહેબે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલો. તેઓ તમો આરોપીઓને ઓળખે છે જે પૈકી તમો સુનિલભાઈ પારગીને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, પોલીસ સ્ટેશનથી તેઓ પેટ્રોલીંગ માટે સાં જના ત્રણ વાગ્ય પછી નિકળ્યા પછી પડાવ વિસ્તારમા ગયેલા તે બાદ સહકારનગર બાજુ ગયેલા અને ગરબાડા ચોકડી ઉપર તેઓએ આરોપીઓને રોકેલા. તેઓ સ્વીકારે છે કે, જે જગ્યાએ આરોપીઓને રોકેલા તે જગ્યા ભરચક વસ્તિવાળો તેમજ વાહનોની અવરજવર વાળો આવેલ છે અને આજુબાજુ દુકાનો પણ આવેલી છે. તેઓ સ્વીકારે છે કે, આરોપીને રોકવા તેમજ તેઓની અંગઝડતી કરવાની અને પુછપરછ કરવાની કાર્યવાહી પી.આઈ.શ્રી વી.પી.પટેલે કરેલી તથા તેઓએ પંચોને બોલાવેલા. બોલાવેલા પંચો કયા વિસ્તારના હતા તે તેઓને ખ્યાલ નથી. તેઓ સ્વીકારે છે કે, તેઓએ આરોપીઓની કોઈ પણ જાતની પુછપરછ કરેલી નહી કે અન્ય કોઈ કાર્યવાહી પણ તેઓએ કરેલી નહી. તેઓ સ્વીકારે છે કે, મોબાઈલ ચોરીની કે ચીલઝડપની ફરીયાદ કયા ફરીયાદીએ કયારે આપેલી તે તેઓને ખબર નથી. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ નં.૭ કિર્તીપાલસિંહના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓની સંડોવણી હોવા અંગેનો સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થતો નથી.

<u>૧૨.૩.</u> ફરીયાદપક્ષે સાહેદનં.૪ જયદીપભાઈ સુરેશભાઈ બારીયાના ઓ આંક–૨૧થી પુરાવો આપે છે કે,

તા. ૮/૫/૨૦૧૯ ના રોજ તેઓ તથા પી.એસ.આઈ.શ્રી પરમાર સાહેબ તથા કિર્તિપાલસિંહ ભૂપેન્દ્રસિંહ, મહેશભાઈ તોફાનભાઈ તથા નીલેશભાઈ એ રીતેના વાહન ચેકીંગમા હતા. તે દરમિયાન તેઓની સાથેના જયદિપભાઈનાઓને બાતમી હકીકત મળેલી કે એક મો.સા. ઉપર ઈસમો મોબાઈલ વેંચવા આવે છે તેવી બાતમીના આધારે અવર જવર કરતી તમામ ગાડીઓને ચેક કરતા હતા તે વખતે એક લીલા કલરની યામાહા બાઈક ઉપર ત્રણ ઈસમો બેસીને આવતા હતા તે મો.સા.ને રોકી પુછપરછ કરતા તેઓનું નામઠામ પુછતા પ્રકાશ સંગાડા, સુનિલભાઈ તથા ત્રીજા એક ઈસમ જે બાળકીશોર હતો જે ત્રણ જણ આવેલા તેઓને રોકી તેઓની અંગ ઝડતી કરતા સુનીલ પાસેથી ૭ મોબાઈલ તથા અન્ય બે ઈસમો પાસેથી મળેલ મોબાઈલ સહીત કુલ મોબાઈલ નંગ-૨૧ અલગ અલગ કંપનીના મળી આવેલા અને તેઓ આ મોબાઈલો ચાલુ મોટરસાઈકલ થી ઈસમો પાસેથી કાઢીને નાસી ગયેલાનું જણાવેલુ. જેથી આ ત્રણેય પાસેથી અલગ -અલગ કંપનીના મોબાઈલ મળી આવેલ તે તથા એક ગ્રીન કલરની યામાહા મો.સા.નો મુદ્દામાલ સી.આર.પી.સી.ની કલમ-૧૦૨ મુજબ પંચનામું કરી કબજે લઈ સદર ઈસમો પૈકી તમો આરોપી સુનીલ તથા પ્રકાશને સી.આર.પી.સી.ની કલમ-૪૧(૧)(ડી) મુજબ અટક કરેલ તેમજ બાળ કીશોર આરોપીને તપાસ અર્થે હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. આ બનાવ સબંધી તેઓના ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી પટેલ સાહેબે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલો. તેઓ તમો આરોપીઓને ઓળખે છે જે પૈકી તમો સુનિલભાઈ પારગીને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ. મુદ્દામાલ તેઓને બતાવતાં તેઓ ઓળખી શકે છે. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, પોલીસ સ્ટેશનથી તેઓ પેટ્રોલીંગ માટે સાંજના ત્રણ વાગ્ય પછી નિકળ્યા પછી પડાવ વિસ્તારમા ગયેલા તે બાદ સહકારનગર બાજુ ગયેલા અને ગરબાડા ચોકડી ઉપર તેઓએ આરોપીઓને રોકેલા. તેઓ સ્વીકારે છે કે, જે જગ્યાએ આરોપીઓને રોકેલા તે જગ્યા ભરચક વસ્તિવાળો તેમજ વાહનોની અવરજવર વાળો આવેલ છે અને આજુબાજુ દુકાનો પણ આવેલી છે. તેઓ સ્વીકારે છે કે, આરોપીને રોકવા તેમજ તેઓની અંગઝડતી કરવાની અને પુછપરછ કરવાની કાર્યવાહી પી.આઈ.શ્રી વી.પી.પટેલે કરેલી તથા તેઓએ પંચોને બોલાવેલા. બોલાવેલા પંચો કયા વિસ્તારના હતા તે તેઓને ખ્યાલ નથી. તેઓ સ્વીકારે છે કે, તેઓએ આરોપીઓની કોઈ પણ જાતની પુછપરછ કરેલી નહી કે અન્ય કોઈ કાર્યવાહી પણ તેઓએ કરેલી નહી. તેઓ સ્વીકારે છે કે, મોબાઈલ ચોરીની કે ચીલઝડપની ફરીયાદ કયા ફરીયાદીએ કયારે આપેલી તે તેઓને ખબર નથી. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ નં.૭ કિર્તીપાલસિંહના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓની સંડોવણી હોવા અંગેનો સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થતો નથી.

<u>૧૨.૪.</u> ફરીયાદપક્ષે સાહેદનં.૫ મહેશભાઈ તોફાનભાઈ ભુરીયાના ઓ આંક–૨૨થી પુરાવો આપે છે કે, તા. ૮/૫/૨૦૧૯ ના રોજ તેઓ તથા પી.એસ.આઈ.શ્રી પરમાર સાહેબ તથા કિર્તિપાલસિંહ ભૂપેન્દ્રસિંહ, જયદિપભાઈ સુરેશભાઈ તથા નીલેશભાઈ એ રીતેના વાહન ચેકીંગમા હતા. તે દરમિયાન તેઓની સાથેના જયદિપભાઈનાઓને બાતમી હકીકત મળેલી કે એક મો.સા. ઉપર ઈસમો મોબાઈલ વેંચવા આવે છે તેવી બાતમીના આધારે અવર જવર કરતી તમામ ગાડીઓને ચેક કરતા હતા તે વખતે એક લીલા કલરની યામાહા બાઈક ઉપર ત્રણ ઈસમો બેસીને આવતા હતા તે મો.સા.ને રોકી પુછપરછ કરતા તેઓનું નામઠામ પુછતા પ્રકાશ સંગાડા, સુનિલભાઈ તથા ત્રીજા એક ઈસમ જે બાળકીશોર હતો જે ત્રણ જણ આવેલા તેઓને રોકી તેઓની અંગ ઝડતી કરતા સુનીલ પાસેથી ૭ મોબાઈલ તથા અન્ય બે ઈસમો પાસેથી મળેલ મોબાઈલ સહીત કુલ મોબાઈલ નંગ–૨૧ અલગ અલગ કંપનીના મળી આવેલા અને તેઓ આ મોબાઈલો ચાલુ મોટરસાઈકલ થી ઈસમો પાસેથી કાઢીને નાસી ગયેલાનું જણાવેલુ. જેથી આ ત્રણેય પાસેથી અલગ –અલગ કંપનીના મોબાઈલ મળી આવેલ તે તથા એક ગ્રીન કલરની યામાહા મો.સા.નો મુદ્દામાલ સી.આર.પી.સી.ની કલમ–૧૦૨ મુજબ પંચનામું કરી કબજે લઈ સદર ઈસમો પૈકી તમો આરોપી સુનીલ તથા પ્રકાશને સી.આર.પી.સી.ની કલમ–૪૧(૧)(ડી) મુજબ અટક કરેલ તેમજ બાળ કીશોર આરોપીને તપાસ અર્થે હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. આ બનાવ સબંધી તેઓના ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી પટેલ સાહેબે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલો. તેઓએ આરોપીઓને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, પોલીસ સ્ટેશનથી તેઓ પેટ્રોલીંગ માટે સાંજના ત્રણ વાગ્ય પછી નિકળ્યા પછી પડાવ વિસ્તારમા ગયેલા તે બાદ સહકારનગર બાજુ ગયેલા અને ગરબાડા ચોકડી ઉપર તેઓએ આરોપીઓને રોકેલા. તેઓ સ્વીકારે છે કે, જે જગ્યાએ આરોપીઓને રોકેલા તે જગ્યા ભરચક વસ્તિવાળો તેમજ વાહનોની અવરજવર વાળો આવેલ છે અને આજુબાજુ દુકાનો પણ આવેલી છે. તેઓ સ્વીકારે છે કે, આરોપીને રોકવા તેમજ તેઓની અંગઝડતી કરવાની અને પુછપરછ કરવાની કાર્યવાહી પી.આઈ.શ્રી વી.પી.પટેલે કરેલી તથા તેઓએ પંચોને બોલાવેલા. બોલાવેલા પંચો કયા વિસ્તારના હતા તે તેઓને ખ્યાલ નથી. તેઓ સ્વીકારે છે કે, તેઓએ આરોપીઓની કોઈ પણ જાતની પુછપરછ કરેલી નહી કે અન્ય કોઈ કાર્યવાહી પણ તેઓએ કરેલી નહી. તેઓ સ્વીકારે છે કે, મોબાઈલ ચોરીની કે ચીલઝડપની ફરીયાદ કયા ફરીયાદીએ કયારે આપેલી તે તેઓને ખબર નથી. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ નં.૭ કિર્તીપાલસિંહના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓની સંડોવણી હોવા અંગેનો સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થતો નથી.

૧૨.૫. ફરીયાદપક્ષે પંચસાહેદનં.૬ દિનેશભાઈ કાળુભાઈ પરમારના ઓ આંક–૨૩થી પુરાવો આપે છે કે, તેઓ તથા અમીતભાઈ રતનસીગ ગણાવા તા.૬/૫/૨૦૧૯ ના રોજ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનમાં તેઓના કામ અર્થે ગયેલા તે વખતે તેઓને એક લખેલા પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ બતાવતાં તેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક–૨૪થી રજુ કરેલ. ત્યારબાદ પોલીસે તેઓને તા.૮/૫/૧૯ ના રોજ પંચમા બોલાવતા તેઓ તથા સેલુભાઈ રાવલાભાઈ નીનામા પો.સ્ટે. ગયેલા અને ત્યાં તેઓને એક લખેલા પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આરોપીઓનુ અટક પંચનામુ બતાવતાં તેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી છે તથા પંચ નં.૧ તરીકે સેલુભાઈ રાવલાભાઈ નીનામાનાઓની સહી ઓળખી બતાવેલ. જેઓ સને ૨૦૨૧ માં ગુજરી ગયેલ છે. જે પંચનામુ આંક–૨૫થીરજુ કરેલ. સદર પંચસાહેદ પંચનામા ની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ, વિ. પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસમાં પુંછી શકાય તેવા સીધા પ્રશ્નો પુંછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવા છતાં, પંચનામા ની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, સદર પંચસાહેદના પુરાવા આધારે ફરીયાદપક્ષ આંક–૨૪થી ૨૫ વાળા પંચનામાઓની હકીકતો રેકર્ડ પર રજુ કરાવી શકેલ નથી. જેથી સદર પંચસાહેદના પુરાવા આધારે આરોપીઓ ની આક્ષેપિત ગુનાહિત કૃત્યમાં કોઈ જ સંડોવણી હોવા અંગે સચોટ કે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી.

૧૨.૬ ફરીયાદપક્ષે પંચસાહેદનં.૭ અમીતભાઈ રતનસીંગ ગણાવાના ઓ આંક–૨૬થી પુરાવો આપે છે કે, તેઓ તેઓના કામથી દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનમા ગયેલા ત્યારે તેઓને એક લખેલા પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક–૨૪ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવતાં તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. ત્યારબાદ પોલીસે તેઓને તા.૮/૫/૧૯ ના રોજ પંચમા બોલાવેલો અને ત્યાં તેઓને એક લખેલા પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને મુદ્દામાલ કબજે લીધેલાનુ પંચનામુ બતાવતાં તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક–૨૭થી રજુ કરેલ. પંચસાહેદ પંચનામા ની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ, વિ. પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસમાં પુંછી શકાય તેવા સીધા પ્રશ્નો પુંછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવા છતાં, પંચનામા ની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. બચાવપક્ષે ઉલટતપાસ માં તેઓ સ્વીકારે છે કે,પંચનામાની કોઈ કાર્યવાહી તેઓની હાજરીમાં થયેલ નથી કે, પંચનામાની કોઈ વિગત તેઓ જાણતા નથી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. આમ, સદર પંચસાહેદના પુરાવા આધારે ફરીયાદપક્ષ આંક–૨૪થી ૨૭ વાળા પંચનામાઓની હકીકતો રેકર્ડ પર રજુ કરાવી શકેલ નથી. જેથી સદર પંચસાહેદના પુરાવા આધારે

આરોપીઓ ની આક્ષેપિત ગુનાહિત કૃત્યમાં કોઈ જ સંડોવણી હોવા અંગે સચોટ કે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી.

૧૨.૭. ફરીયાદપક્ષે પંચસાહેદનં.૮ રમસુભાઈ નરસીંગભાઈ પલાસના ઓ આંક-૨૮થી પુરાવો આપે છે કે, પોલીસે તેઓને તા.૮/૫/૧૯ ના રોજ પંચમા બોલાવેલા અને ત્યાં તેઓને એક લખેલા પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક-૨૭ વાળુ મુદ્દામાલ કબજે લીધેલાનુ પંચનામુ બતાવતાં તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. તેઓ જણાવે છે કે, એવુ બનેલ નથી કે, દાહોદ ટાઉન પો.સ્ટે.માં બે ઈસમો હાજર હોય અને તેઓની પાસેથી મોબાઈલ ફોનો કબજે કર્યા હોય. સદર પંચસાહેદ પંચનામા ની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ, વિ. પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસમાં પુંછી શકાય તેવા સીધા પ્રશ્નો પુંછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવા છતાં, પંચનામા ની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. બચાવપક્ષે ઉલટતપાસ મં સદર સાહેદ સ્વીકારે છે કે, પંચનામાની કોઈ કાર્યવાહી તેઓની હાજરીમાં થયેલ નથી કે પંચનામાની કોઈ વિગત તેઓ જાણતા નથી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. આમ, સદર પંચસાહેદના પુરાવા આધારે ફરીયાદપક્ષ આંક-૨૭ વાળા પંચનામાઓની હકીકતો રેકર્ડ પર રજુ કરાવી શકેલ નથી. જેથી સદર પંચસાહેદના પુરાવા આધારે આરોપીઓ ની આક્ષેપિત ગુનાહિત કૃત્યમાં કોઈ જ સંડોવણી હોવા અંગે સચોટ કે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી.

૧૨.૮. ફરીયાદપક્ષે સાહેદનં.૯ તપાસ કરનાર અમલદાર વસંતકુમાર પ્રભુદાસ પટેલના ઓ આંક-૩૦ થી પુરાવો આપે છે કે, તેઓ તા.૦૮/૦૫/૨૦૧૯ ના રોજ દાહોદ ટાઉન પો.સ્ટે.મા પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે અરસામાં અવાર નવાર મોબાઈલ સ્નેચીગ થતા હોય તેઓ તથા તેઓની સાથે પ્રોબેશનર પી.એસ.આઈ. એ.એન.પરમાર તથા એચ.સી.નીલેશભાઈ તથા, પી.સી. કીર્તીપાલસીહ, પો.કો.મહેશભાઈ, પો.કો.જયદીપસીહ નાઓ દાહોદ મંડાવાવ રોડ ઉપર ૧૩-૦૦ વાગે વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન એચ.સી.નીલેશભાઈ તથા પો.કો.જયદીપસીહનાઓને સંયુકત બાતમી હકીકત મળેલી કે, ત્રણ ઈસમો ગ્રીન બ્લેક કલરની યામાહ મો.સા.નં.જીજે.૦૧ .એસ.ડબલ્યુ.૭૩૬ ઉપર રળીયાતીથી દાહોદ બાજુ મોબાઈલ વેચવા સારુ આવવાના હોય જે બાતમી હકીકત આધારે નજીકમાંથી બે પંચોને સાથે રાખી વાહન ચેકીગ કરતા હતા તે દરમ્યાન થોડીવારમાં બાતમી હકીકતમાં જણાવેલ મોટર સાયકલ રળીયાતી બાજુથી આવતા તેને પંચો તથા પોલીસના માણસો ધ્વારા રોકી મોટર સાયકલ ચાલકનુ નામ પંચો રુબરુ પુછતા પોતે પોતાનુ નામ પ્રકાશભાઈ પપ્પુભાઈ બીલવાળ જણાવેલ તથા વચ્ચે બેઠેલ ઈસમ કાયદાના સંઘર્ષમાં આવેલ હોય તથા છેલ્લ ે બેઠેલ ઈસમનુ નામ પંચો રુબરુ પુછતા પોતે પોતાનુ નામ સુનીલભાઈ સમસુભાઈ

પારગીનાઓ જણાવેલ. જેઓની વારાફરતી પંચો તથા પોલીસ રુબરુ અંગજડતી કરતા ચાલક પ્રકાશ નાઓ પાસેથી તેના ખીસ્સામાંથી જુદી જુદી કંપનીના મોબાઈલ ફોન નંગ–૭ જેની આશરે કીમત રૂા.૭૦,૦૦૦/– તથા વચ્ચે બેઠેલ ઈસમ પાસેથી તેની પણ અંગજડતી કરતા તેના ખીસ્સામાંથી મોબાઈલ નંગ–૬ જેની આશરે કીમત રૂા.૬૦,૦૦૦/– તથા છેલ્લે બેઠેલ ઈસમ નામે સુનીલભાઈ ની અંગજડતીમાથી જુદી જુદી કંપનીના મોબાઈલ નંગ–૮ જેની આશરે કીમત રૂા.૮૦,૦૦૦/– આમ, કુલ–૩ આરોપીઓ પાસેથી તેઓની અંગજડતી દરમ્યાન જુદી જુદી કંપનીના કુલ મોબાઈલ નંગ–૨૧ જેની કીમત રૂા.૨,૧૦,૦૦૦/– ગણી લીધેલ તથા ચામાહ મો.સા.ની કીમત રૂા.૪૫,૦૦૦/– ગણી લઈ કુલ મુદામાલ રૂા.૨,૫૫,૦૦૦/– ની સી.આર.પી.સી.ની કલમ ૧૦૨ મુજબ કબજે કરેલ અને ૪૧(૧)ડી મુજબ બે આરોપીઓને એરેસ્ટ કરી વિગતે પંચનામુ કરેલ. મુદામાલ પાવતી ફાડેલી. તેઓને આંક–૨૭ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવતાં તે ઓળખી બતાવી જેમાં પં ચોએ તેઓની હાજરીમા સહીઓ તથા અંગુઠા કરેલા તથા રુબરુ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. ત્યારબાદ સદર પંચનામા સહીતના કાગળો પી.એસ.ઓ.ને મોકલી આપેલા જેને સ્ટેશનડાયરીમાં નોંધ કરવા તેમજ આગળની તપાસ પ્રોબેશનર પી.એસ.આઈ. એ.એન.પરમારનાઓને મોકલી આપવા જાણ કરેલી જે પત્રેમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૩૧થી રજુ કરેલ. ત્યારબાદ આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી એ.એન.પરમાર નાઓએ સંભાળેલી. તમો આરોપીઓને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ. તેઓને મુદામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે. આ ગુનાના કામે તેઓએ લાગતા વળગા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના નોંધેલા. બચાવપક્ષે ઉલટતપાસ માં તેઓ સ્વિકારે છે કે, તેઓ પેટ્રોલીગમા નીકળ્યા તે અંગેની નોધ સ્ટેશનડાયરીમા કરેલ નથી. તેઓ સ્વિકારે છે કે, જે બાતમી મળેલ તેની આધારભુત નોધ કોઈ રજીસ્ટરમાં કરેલ નથી. તેઓ સ્વિકારે છે કે, બાતમી કયારે આપી અને કોણે આપી તે બાબતેની પણ કોઈ નોધ કરેલ નથી. તેઓ સ્વિકારે છે કે, બનાવવાળી જગ્યાએ ચોકડી આવેલ છે અને ત્યાં પાંચ રસ્તા ફંટાય છે અને ત્યાં દુકાનો તથા વિગેરે પણ આવેલા છે અને ત્યાં વાહનોની સતત અવર જવર રહે છે અને ભરચક વસ્તીવાળો વિસ્તાર છે. આરોપીઓને તેઓએ કલાક ૧૩–૩૦ વાગે તપાસ અર્થે અટકાવેલા. તેઓ સ્વિકારે છે કે, તે સમયે બીજા પબ્લીકના માણસો ભેગા થઈ ગયેલા. તેઓ સ્વિકારે છે કે, રીકવર કરેલા મોબાઈલ અંગે કોઈ ફરીયાદ થઈ હોય, કોઈ જાણવાજોગ એન્ટ્રી થયેલ હોય કે કોઈ અરજી આવેલ હોય તે અંગે તેઓએ ૪૧(૧) ડીની કાર્યવાહી કરેલ તે સમયે કોઈપણ હકીકત તપાસેલી નહી કે ધ્યાને લીધેલી નહી. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ નં.૭ કિર્તીપાલસિંહના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓની સંડોવણી હોવા અંગેનો સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થતો નથી.

૧૨.૯ ફરીયાદપક્ષે સાહેદનં.૧૦ જેરામભાઈ રૂમાલભાઈ ડામોરના ઓ આંક–૩૫ થી પુરાવો આપે છે કે, તેઓ તા.૮/૫/૨૦૧૯ નારોજ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે ફરીયાદી કેતનકુમાર ભીખાભાઈ ગોહીલ, રહે.ગોવીંદનગર, દાહોદ નાઓએ તા.૨૩/૪/૨૦૧૯ નારોજ રાત્રીના કલાક ૧૧:૩૦ વાગ્યાના અરસામાં તેમનો મોબાઈલ એક કાળા રંગની બાઈક ઉપર ત્રણેક અજાણ્યા ઈસમો તેમના ખીસ્સા માંથી ખેંચી લઈ ગયા સબંધેની એક વિગતવારની ફરીયાદ તેઓના રૂબરૂ આપતા તેઓએ તે ફરીયાદ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલી અને તે નીચે તેમની સહી લીધેલી અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી. તેઓને આંક–૧૪ વાળી અસલ ફરીયાદ બતાવતાં તે જ હોવાનુ જણાવેલ. સદર ફરીયાદ લખી લીધા બાદ તેઓએ તેને દાહોદ ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૫૩/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯(એ), ૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર કરી તેની આગળની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.પરમાર નાઓને સોંપેલી. ફરીયાદ અંગેનું સુચીપત્ર તેઓને બતાવતાં જેમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૩૬થી રજુ કરેલ. તેઓએ તા.૮/૫/૨૦૧૯ નારોજની હાલના ગુના સબંધેની સ્ટેશન ડાયરીની નકલ રજુ કરેલ જેમાં અનુ. નં.૩ ઉપર કલાક ૧૪:૦૦ વાગે હાલના ગુનાની નોંધ થયેલ છે જે આંક–૩૭થી રજુ કરેલ. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તા.૨૪/૪/૨૦૧૯ના રોજના બનાવની ફરીયાદ તા.૮/૫/૨૦૧૯ના રોજ આપેલ છે જે વિલંબથી ફરીયાદ આપવા અંગેનો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. તેઓ સ્વીકારે છે કે, કોઈ આરોપીઓના નામ ફરીયાદમાં લખાવેલા નથી. તેઓ સ્વીકારે છે કે, ફરીયાદીએ અજાણ્યા ઈસમો સામે ફરીયાદ આપેલી. તેઓ સ્વીકારે છે કે, તેઓએ આ કામે ફરીયાદ લઈ રજીસ્ટર કર્યા સીવાય તપાસની કોઈ અન્ય કામગીરી કરેલી નથી. આમ, સદર સાહેદે માત્ર ગુન્હો નોંધેલ છે તે સિવાયની બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી સદર સાહેદના પુરાવા આધારે આરોપીઓ ની આક્ષેપિત ગુનાહિત કૃત્યમાં કોઈ જ સંડોવણી હોવા અંગે સચોટ કે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી.

૧૨.૧૦. ફરીયાદપક્ષે સાહેદનં.૧૧ તપાસ કરનાર અમલદાર અનીરૂધ્ધસિંહ નવલસિંહ પરમારના ઓ આંક–૩૮થી પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૧૯ માં દાહોદ ટાઉન પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે મારી ફરજ બજાવતા હતા તા.૮/૫/૧૯ ના રોજ તેઓ તેઓની ફરજ પર હાજર હતા ત્યારે ફરીયાદી કેતનકુમાર ભીખાભાઈ ગોહીલ, રહે.ગોવીદનગર, દાહોદ નાઓએ પી.એસ.ઓ. રુબરુ તા.૨૩/૪/૨૦૧૯ નારોજ રાત્રીના કલાક ૧૧:૩૦ વાગ્યાના અરસામાં તેમનો મોબાઈલ એક કાળા રંગની બાઈક ઉપર ત્રણેક અજાણ્યા ઈસમો તેમના ખીસ્સા માંથી ખેંચી લઈ ગયા સબંધેની એક વિગતવારની ફરીયાદ આપતા પી.એસ.ઓ. એ સદર ફરીયાદ લખી લીધા બાદ તેને દાહોદ ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૫૩/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯(એ), ૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર કરી

તેની આગળની તપાસ તેઓને સોંપેલી. આ ગુનાના કામે તા.૮/૫/૧૯ ના રોજ ફરીયાદીનાએ બે તટસ્થ પંચોની હાજરીમા ગુનાવાળી જગ્યા બતાવેલી જે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ તેઓને આંક–૨૪ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવતાં તેમા પંચોએ તેઓની હાજરીમાં સહીઓ કરેલ છે તથા રુબરુ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવેલ. આ ગુનાના કામે પી.આઈ. વી.પી. પટેલ નાઓ સાથે અમો પોલીસના માણસો વાહન ચેકીગમા હતા તે દરમ્યાન ૩ ઈસમો બાઈક ઉપર આવતા તેઓ પાસેથી કુલ–૨૧ મોબાઈલો મળી આવેલા તે અંગેનુ પંચનામુ કરી સી.આર.પી.સી. કલમ–૪૧(૧) (ડી) મુજબનુ પંચનામુ કરી અટક કરેલા જે મોબાઈલ મળી આવેલા તે મોબાઈલ પૈકી એક મોબાઈલ હાલના ગુના સંબધીનો જણાઈ આવેલ જેથી પકડાયેલ તમો ત્રણ આરોપીઓ પૈકી આરોપી સુનીલભાઈ સમસુભાઈ પારગી તથા પ્રકાશભાઈ પપ્પુભાઈ બીલવાળ નાઓને આ ગુનાના કામે અટક કરેલા અને તેઓ પૈકી પ્રકાશભાઈ બીલવાળ નાઓએ ગુનામા વાપરેલ મોટર સાયકલ તેમજ મોબાઈલ તપાસના કામે કબજે કરી વિગતવારનુ પંચનામુ કરવામાં આવેલ. જે પંચનામુ આંક–૨૫ થી રજુ છે તેમા પંચોએ તેઓની હાજરીમા સહીઓ કરેલ રુબરુ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવેલ. તેઓએ આ ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તપાસના અંતે તમો આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તમો આરોપીઓને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ. તેઓને મુદામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે. બચાવપક્ષે ઉલટતપાસ માં તેઓ સ્વિકારે છે કે, આ ગુનાની ફરીયાદ તા.૮/૫/૧૯ ના રોજ આપવામાં આવેલી. તેઓ સ્વિકારે છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રોડ છે અને લોકોની સતત અવર જવર થતી હોય છે. તેઓ સ્વિકારે છે કે, તા.૨૩/૪/૨૦૧૯ નારોજના બનાવની ફરીયાદ તા.૮/૫/૨૦૧૯ નારોજ આપેલ છે જે વિલંબથી ફરીયાદ આપવા અંગેનો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. આ ગુનાની તપાસ તા.૮/૫/૧૯ ના રોજ તેઓને મળેલી. તેઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તા.૮/૫/૧૯ ના રોજ કરેલ છે. તેઓ સ્વિકારે છે કે, જે મોબાઈલ કબજે કરેલા તે પી.આઈ. વી.પી.પટેલનાઓએ કરેલા. તે તમામ મોબાઈલ તા.૮/૫/૧૯ ના રોજ કબજે કરેલા. તેઓ તે સમયે તેઓની સાથે વોચમાં હતા. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ નં.૭ કિર્તીપાલસિંહના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓની સંડોવણી હોવા અંગેનો સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થતો નથી.

૧૩. ઉપરોકત તમામ સાહેદોના પુરાવામાં કરેલ ચર્ચા ઉપરાંત, રેકર્ડ પરના પુરાવાને સંકલીત કરી પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, પંચસાહેદો ના પુરાવાથી મુદ્દામાલ રીકવરી કર્યાના પંચનામાની હકીકતો રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ ન થી. ઉપરાંત, તપાસ કરનાર અમલદારનાએ પોતાની કાર્યવાહીના ભાગ રુપે જે કામગીરી કરી તે બાબતનો પુરાવો આપેલો છે. ઉપરાંત, આ

કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદો પૈકી એક પણ સાહેદોએ હાલના આરોપીઓને ઓળખી બતાવેલા નથી કે તેઓના નામનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. જેથી આ કામે ગુનાહીત કૃત્ય સાંયોગિક પુરાવા આધારીત હોઈ તેવી કોઈ  કડીઓ કટીબધ્ધ રીતે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૧૪.** ક્રિમીનલ જયુરીડીકશનના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે અને કડીબધ્ધ રીતે પુરવાર કરવો જોઈએ. જયારે બનાવમાં કોઈ નજરે જોનાર સાક્ષી ન હોય તો તે સાંયોગીક પુરાવાથી પુરવાર થઈ શકે પરંતુ જયારે બનાવ વખતે કથીત સાહેદ હાજર રહેલ હોય અને ફરીયાદપક્ષના કેસ મુજબ તેઓ કથીત બનાવ નજરે જોયેલાનુ કથન હોય ત્યારે ભારતીય પુરાવા અધિનિયમ અન્વયે દાર્શનીક પુરાવો એ સર્વશ્રેષ્ઠ પુરાવો છે અને દાર્શનીક પુરાવાના આધારે કેસ પુરવાર થઈ શકે પરંતુ હાલના કામે કહેવાતા સાહેદોનાં પુરાવામાથી આરોપીઓ ની ગુનાહિત કૃત્યમાં સંડોવણી હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી. આ તમામ સંજોગોમાં આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી. ત્યારે શંકા નો લાભ ક્રિમીનલ જયુરીડીકશનનાં સિધ્ધાંત મુજબ આરોપીઓને આપવો જોઈએ. જેને ઘ્યાને લઈ **મુદાનં.૧ નો જવાબ નકાર**માં આપી **મુદાનં.૨** અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ....ક....મ.**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી નં. (૧) સુનીલભાઈ  સમસુભાઈ પારગી,  ઉ.વ.આ.૨૩, ધંધોઃ મજુરી, રહે.જાલત, સુવાળી ફળીયુ, તા.જી.દાહોદ, (૨) પ્રકાશભાઈ  પપ્પુભાઈ બિલવાળ, ઉ.વ.આ.૨૨, ધંધોઃ ખેતી, રહે.જાલત, નાકા ફળીયુ, તા.જી.દાહોદનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ), ૧૧૪ મુજબ ના ગુના સબબ પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(ક) ની જોગવાઈને આધીન આરોપીઓએ અગાઉ રજુ કરેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ અંગે અગાઉ થયેલ હુકમ  કાયમ કરવામાં આવેલ છે.

ઉપરોકત હુકમ આજ તા.૩૧મી, માહે–જાન્યુઆરી સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દાહોદ
તા.૩૧/૦૧/૨૦૨૫

(હર્ષદ શામરાવ ખુટવડ)
ત્રીજા એડી. સેસન્સ જજ,
દાહોદ – જી જે ૦૦૭૨૪.

J.D.Barot